# આત્મા જ ગુરુ

માધવ મલ્હાર
તપન ત્રિવેદી

અધ્યાત્મ મનુષ્યજીવનને ઉદાત્ત અને ઉત્કૃષ્ટ બનાવવાનું મહત્ત્વનું પરિબળ છે. માણસ અધ્યાત્મ તરફ વળે છે ત્યારે તેને અધ્યાત્મજગતનું કોઇ યથાતથ નિર્દેશન કરે તેવી તેની ઇચ્છા હોય છે. એ માટે તે કોઇ ગુરુની શોધમાં આમ-તેમ ફરતો રહે છે. ક્યાંક તેને કોઇ સાચા ગુરુ મળી પણ જાય છે તો ક્યાંક આધ્યાત્મિકતાના નામે, ઇશ્વરોપાસનાના નામે, ઇશ્વરપ્રાપ્તિના નામે અવળા માર્ગે લઇ જનારા પણ મળે છે. આ આજના સમાજની સમયની તાસીર છે.

ગુરુ પરંપરા સનાતન ધર્મમાં પ્રાચીનકાળથી અસ્તિત્વમાં છે. કૃષ્ણે સાંદિપનીના આશ્રમમાં તો રામ વશિષ્ઠ ઋષિના આશ્રમમાં અભ્યાસાર્થે ગયા હતા.

આજના કળિકાળમાં માણસને ગુરુની શોધ છે. એને એવા ગુરુ જોઇએ છે, એ ગુરુ પાસે એવી અપેક્ષા રાખે છે કે તેને જીવનમાં સુખ-શાંતિ સરળતાથી મળી જાય. મુઠ્ઠી ઉઘાડો અને પરમાત્માનાં દર્શન થાય, પરમાત્મા હાજર થઇ જાય એવો તેનો મનોભાવ છે. માણસે એ યાદ રાખવું જોઇએ કે અધ્યાત્મ જગત અગોચર અને અલૌકિક છે. અધ્યાત્મ જગત નરી આંખે દેખાતું નથી છતાં એ છે અને તે કેવળ અને કેવળ શ્રદ્ધાનો, અનુભૂતિનો, આચરણનો વિષય વિશેષ છે. અધ્યાત્મ જગત તરફ પ્રયાણ કરતાં કરતાં ગુરુ મળી પણ જાય પણ એટલા માત્રથી જ માણસને તૃપ્તિ થતી નથી. માણસની ખેવના એવી હોય છે કે ગુરુ સુખ શાંતિ સહજમાં જ મેળવી આપે, મળી જાય એવો કોઇ કીમિયો બતાવે એવી ઇચ્છા હોય છે.

ગુરુ એવી વ્યકિત છે, વ્યકિતત્વ છે, જેણે દિવ્ય, અલૌકિક તત્ત્વને આત્મસાત્ કર્યું હોય છે. પોતાના પૂર્વના અને આ જન્મનાં પુણ્ય કર્મોના પ્રતાપે અને પ્રભાવે પરમ તત્ત્વ સાથે સાયુજ્ય પણ સાધી લીધું હોય છે. આથી તેઓ માનવજાતના કલ્યાણાર્થે દિવ્ય અને અલૌકિક સંકેતો પણ મેળવે છે. આવા સંકેતોના આધારે તેઓ માનવોને તેઓની ભૌતિક -આધ્યાત્મિક બાબતમાં માર્ગદર્શન આપે છે. આ માર્ગદર્શનનું માણસે ચુસ્ત આચરણ કરવાનું હોય છે. તો જ ગુરુના માર્ગદર્શનનો લાભ મળે. હા, સાંસારિક, ભૌતિક બાબતો પ્રત્યે ગુરુનું માર્ગદર્શન મેળવવું ખોટું તો નથી જ પણ ગુરુની પ્રાપ્તિ કરીને માણસે અધ્યાત્મને અલૌકિક દિવ્ય તત્ત્વ તરફ પોતાના જીવનને ગતિશીલ બનાવવું આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે.

વાત આટલેથી જ અટકતી નથી. શ્રીમદ્ ભાગવતના અગિયારમા સ્કંદમાં શ્રીકૃષ્ણ ઉધ્ધવને જ્ઞાનોપદેશ આપતાં કહે છે. ''આત્મા જ આત્માનો ગુરુ છે''.

સમગ્ર ગુરુ-પરંપરાનો, માણસની ગુરુપ્રાપ્તિના ખ્યાલનો મર્મ ભાગવતજીએ આપણને સમજાવ્યો છે. ''તું જ તારો ગુરુ થા'' એવી એક અન્ય ઉક્તિ પણ વિદિત છે. કઇ રીતે? મારી સમજણ પ્રમાણે જણાવું તો ગુરુના શરણે જનારને ગુરુ માર્ગદશન તો આપે છે. માર્ગદર્શન મેળવવા માત્રથી જ માણસના જીવનની, ગુરુપ્રાપ્તિની ઇતિશ્રી નથી થઇ જતી. અહીંથી માણસનું જીવન એક દિશા, પ્રેરણા મેળવે છે. દિવ્ય શક્તિ મેળવવાની એક ચાવી મળે છે. કઇ રીતે ? ગુરુએ આપેલા માગદર્શનને, સિદ્ધાંતોને, તેમના આદેશો, આદર્શોને જીવનમાં આત્મસાત્ કરવાના છે. એ માટે તેણે પોતાના મનોગત ભાવોને ઉદાર, ઉન્નત અને ઉદાત્ત બનાવવા જરૂરી છે. સંવેદનશીલતા,



સમભાવ, સદ્ ભાવ, સંવેદનશીલતા, સહૃદયતા આત્મસાત કરવાં જરૂરી છે. અધ્યાત્મ જગત ઇશ્વરપ્રાપ્તિનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો છે. એમાં ઘણી મુસીબતોનો વિરોધો, અવરોધો આવે છે. એ બધાને શ્રદ્ધા, શરણાગતિ, ઉપાસનાના સાતત્યથી અડીખમ રહીને સહન કરવા પડે છે. સત્ય, નીતિ અને પ્રામાણિકતાને અવિરત રાખી હિંમતથી જીવનના, અધ્યાત્મના, પ્રભુપ્રાપ્તિના, ગુરુના માર્ગદર્શન અનુસાર સત્ય, નીતિ અને પ્રામાણિકતા અને પવિત્રતાને પ્રાધાન્ય આપી, ઉપાસનાને અવિરત રાખતાં સામાન્ય મનુષ્યના અંતરપટ પર પ્રેરણાનો, સંકેતનો પ્રકાશ મળે છે. કહો કે આત્મપ્રતીતિ મળે છે. એ આત્મપ્રતીતિના આધારે જીવનમાં ડગ ભરતાં જે સફળતા, સરળતા મળે છે તેનો અનુભવ કરવા જેવો છે. આથી જ તો કૃષ્ણ ભગવાને કહ્યું કે તું તારા આત્માનો ગુરુ છે. આત્મજાગ્રતિ,આત્મોન્નતિનો અહીં નિર્દેશ છે. ગુરુના આદેશો, આદર્શોને આધારે માણસે જીવનમાં ગતિ કરવી પડે છે.

શ્રીકૃષ્ણના 'આત્માનો ગુરુ' કહેવા પાછળનો મર્મ મને એમ સમજાય છે કે આત્મામાં જ પરમાત્મા રહેલો છે. એ વાત સર્વવિદિત છે. જો આત્મા પરમાત્મામાં રહેલો છે તો માણસે પોતાના આત્માનાં દ્વાર ખોલવાં પડે. આ દ્વાર અંતર્મુખી થવાથી જ દેખાય છે. આથી અહીં અંતર્મુખી થવાનો શ્રીકૃષ્ણનો નિર્દેશ છે. આદેશ છે. આત્માને જાગૃત કરવાનો છે. આ ભૌતિક જગતમાં ગુરુ જે માર્ગદર્શન આપે છે તેનું આચરણ કરવા માણસે અંતર્મુખી થવું અનિવાર્ય છે. આત્માને જાગ્રત કરવા અસત્ તત્ત્વોને દૂર કરવાનાં છે. આપણા અવગુણોને આપણે જ દૂર કરવાના છે. અંદરનો પ્રકાશ મેળવવો જરૂરી છે. એ પ્રકાશમાં પરમાત્મા દેખાશે. આ સ્વાનુભવનો વિષય છે. હજારો વર્ષો પહેલાં શ્રીકૃષ્ણે ઉદ્ધવને જે ઉપદેશ, આદેશ આપ્યો તે આજના સમયમાં વિશેષ આવકાર્ય છે. આપણે જાતે જ અંદરની શકિત જાગૃત કરીએ. આ અંદરની શકિત જ આપણને ઉજ્જવળ બનાવશે.

આપણો આત્મા આપણો કેવો ગુરુ બને છે તેની અનુભૂતિ કરીએ. આ સૃષ્ટિમાં વિલસી રહેલું દિવ્ય, ગુરુ તત્ત્વ માણસ માણસ વચ્ચે દિવ્યતા, ગુરુતા પ્રગટાવે- પ્રસરાવે એવી અભ્યર્થના છે.

સમગ્ર ગુરુ-પરંપરાનો, માણસની ગુરુપ્રાપ્તિના ખ્યાલનો મર્મ ભાગવતજીએ આપણને સમજાવ્યો છે. 'તું જ તારો ગુરુ થા', એવી એક અન્ય ઉક્તિ પણ વિદિત છે

# ગુરુદેવની અપાર કૃપા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પર્વ ગુરુપૂર્ણિમા

ધર્મ મર્મ
શ્રીજીવ વ્યાસ

આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને પરંપરા આપણને જીવનમાં આગળ લાવનાર ગુરુ, શિક્ષક,ઉસ્તાદ કે વિવિધ હુન્નર શીખવનાર પ્રત્યે આદર અને માનનો ભાવ રાખવાનું શીખવે છે અને તેમાંથી કોઈ ન્યાત, જાત, સંપ્રદાય બાકાત નથી. ફક્ત માન, આદરની પદ્ધતિ અને અભિવ્યક્તિનું સ્વરૂપ જુદું હોઈ શકે. જીવન ગુજારવા જે કંઈ શિક્ષણ, હુન્નર જરૂરી હોય તે આપણને શિક્ષક કે હુન્નર શીખવનાર દ્વારા મળે છે પરંતુ આપણા આલોક અને પરલોકને તથા મનુષ્ય જીવનને સાર્થક કરવા આધ્યાત્મિક જ્ઞાન સાચા સદગુરુ પાસે મળે છે. અલબત્ત દરેક વ્યક્તિની પ્રથમ ગુરુ તેને જન્મ આપનાર 'મા' હોય છે અને તેનો દરજ્જો ભગવાન સમાન છે તેને 'એકાક્ષરી બ્રહ્મ'કહી છે. સાચા સદગુરુ પ્રત્યક્ષ પરમેશ્વર છે તેથી જ 'શ્રી ગુરુદેવ અવધૂત પ્રત્યક્ષ પરમેશ્વર' કહેવાય છે.



ગુરુનો મહિમા એટલો વિશાળ છે. સ્કંદ પુરાણ, રામચરિત માનસ, મંડુકોપનિષદ સહિત અનેક પુરાણ ગ્રંથોમાં તો વર્ણવ્યો જ છે પરંતુ સંત કબીર સાહેબ, ગોસ્વામી તુલસીદાસજી, રાષ્ટ્રસંત શ્રી તુકડોજી મહારાજ, નરસિંહ મહેતાથી માંડીને શ્રી ગણપતિ સચ્ચિદાનંદ સ્વામીજી જેવા અનેક વિદ્વાન, સંતો, કવિઓએ પોતપોતાની શૈલીમાં વર્ણવીને ગુરુના મહિમા, માન, સન્માન, આદર, પૂજન માટે સમાજને પ્રેરિત કર્યા છે. જન્મ આપનાર મા- માતા અને આધ્યાત્મની કેડીએ આત્મકલ્યાણના માર્ગે લઈ જનાર ગુરુનું ઋણ ક્યારેય ચૂકવી ન શકાય એવો શાસ્ત્ર મત છે.

ગુરુ કોણ છે? તે ટૂંકમાં સમજાવતો શ્લોક ખૂબ જાણીતો છે 'ગુરુબ્રહ્મા ગુરુ વિષ્ણુ: ગુરુદેવો મહેશ્વરઃ, ગુરુ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ' આ શ્લોક સ્કંદપુરાણ અંતર્ગત ભગવાન સદાશિવ અને માતા પાર્વતી વચ્ચેના સંવાદોમાં આવે છે. લગભગ 350 જેટલા લોકો અંતર્ગત સંવાદ 'ગુરુ ગીતા' તરીકે જાણીતો છે. જેમાં ગુરુના સ્વરૂપ, મહિમા તથા પૂજનનો વિધિ છે. તેમાં ગુરુને પરં બ્રહ્મનો દરજ્જો આપ્યો છે કેમ કે સદગુરુ આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવે છે અને તેના દરેક મંત્રો ઉત્તમ ગણવામાં આવ્યા છે. ગુરુની મહાનતા બ્રહ્મા વિષ્ણુ અને મહેશ ત્રિદેવ પરબ્રહ્મ છે. ભક્તો, શિષ્યો છેતરાઈ નહીં જાય તે માટે નહીં કરવા જેવા ગુરુનાં લક્ષણો જણાવી એવા ગુરુનો ત્યાગ કરવા સૂચવ્યું છે. ગુરુ આજ્ઞાથી અને તેમના બોધ વચનોના નિષ્ઠાપૂર્વક પાલન થકી મોક્ષ અને બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. ગુરુ શબ્દનો સરળ અને સચોટ અર્થ દર્શાવતો શ્લોક 'ગુકારસ્ત્વન્ધકારો હિ રુકારસ્તન્નિવેર્તક.'

એટલે કે 'ગુ' નો અર્થ અજ્ઞાન કે અંધકાર અને 'રુ'નો અર્થ તેનો નાશ કરનાર અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર ગુરુ કહેવાય. ગુરુના ચરણનું ધ્યાન કરનારને સર્વ તીર્થોનું ફળ પ્રાપ્ત થાય છે. ગુરુની કૃપા પ્રાપ્ત થતાં તેના શિષ્યના અજંપો, સંદેહ, સંકટ દૂર થઈ શાંતિ, આનંદની પ્રાપ્તિ થાય છે. રાષ્ટ્રીય સંત તુકડોજી મહારાજે પણ કહ્યું છે કે,'જાના ન પડતા શિખને પઢની ન પડતી પોથિયાં, સેવા ગુરુ કી જો કરે ઉસને સભી તીરથ કિયા'. ગુરુના ચરણ, ગુરુની સેવા સ્વયં ઉત્તમ તીર્થ છે. મંડુકોપનિષદમાં ગુરુને અક્ષર બ્રહ્મના જ્ઞાનના પ્રવર્તક કહ્યા છે. સદગુરુને અજ્ઞાનનો નાશ કરનાર અને જ્ઞાન પરંપરાનો મુખ્ય આધાર માનવામાં આવ્યા છે. ગુરુનો મહિમા એટલે વિશેષ છે કે તે અનુભવજન્ય જ્ઞાન આપે છે. સાચા સદગુરુ તત્ત્વદર્શી હોય છે. સંતો અને શાસ્ત્રોએ તો ગુરુને ભગવાનથી શ્રેષ્ઠ ગણાવ્યા છે કેમ કે સ્વયં ભગવાનને પણ અવતાર લીધા બાદ ગુરુની જરૂર પડે છે. ભગવાન શ્રીરામ અને કૃષ્ણે પણ ગુરુ કર્યા હતા કેમ કે ગુરુ દિવ્ય જ્ઞાનના અને આધ્યાત્મિકતાના પથદર્શક છે. ગુરુ વગર આત્મજ્ઞાન મેળવવું તથા ભવસાગર પાર કરવો અશક્ય છે એટલે આધ્યાત્મિક ગુરુનું સ્થાન ગોસ્વામી તુલસીદાસજીએ પણ 'શ્રી રામચરિત માનસ'ના બાલકાંડના મંગલાચરણમાં ગુરુની મહિમાનું વર્ણન કર્યું છે. ખૂબ જાણીતા હનુમાન ચાલીસાના આરંભ જ 'શ્રી ગુરુચરણ સરોજ રજ'.... થી કર્યો છે. ગુરુનો દરજ્જો ભગવાનથી ઊંચો હોવાના એક પદનો ભાવાર્થ છે એ છે કે, 'ભગવાન રૂઠે તો ગુરુ બચાવી લે પરંતુ ગુરુ રૂઠે તો કોઈ બચાવી ન શકે.' કબીર સાહેબે ગુરુનો મહિમા તથા કાર્યશૈલીનું વર્ણન કરતી અનેક ચોપાઈઓ રચી છે. મોટાભાગની ખૂબ જાણીતી છે. ગુરુ પોતાના શિષ્યને કેવી રીતે તૈયાર કરે છે 'ગુરુ કુંભાર શિષ્ય કુંભ હૈ,ગઢિ ગઢિ કાઢી ખોટ, અંતર હાથ સહાર દે, બાહર બાહૈ ચોટ.' સાચા ગુરુ કુંભાર જેવા હોય છે જે પોતાના કુંભરૂપી શિષ્યને બહારથી ટપારતા રહી અંદરથી ટેકો આપી મજબૂત કરે છે. સદગુરુ પાસે હંમેશાં વિનમ્રતા રાખવી શરણાગત ભાવે જવું જેથી તેમની કૃપા થકી જ્ઞાન, મોક્ષ અને આત્મકલ્યાણનો માર્ગ સુગમ બને. માત્ર ગુરુકૃપાથી શિષ્યનું પરમ મંગલ થાય છે એટલે જ કહ્યું છે કે 'ગુરુકૃપા હિ કેવલમ શિષ્ય પરમ મંગલમ'. હંમેશાં યાદ રાખવું જોઈએ કે ગુરુ એ કોઈ વ્યક્તિ નથી પરંતુ ગુરુ એ 'તત્ત્વ' છે જે મંગલ એટલે કે શુભ અને શુકનવંતાનું પ્રતિનિધિત્વ કરે છે. ગુરુ એ તમારું આત્મતત્ત્વ છે જે તમારામાં વસે છે તમે જ્યારે સદગુરુના સંપર્કમાં આવો છો ત્યારે તે તમારામાં જન્મોજનમથી તમે ભેગી કરેલી માનસિક અશુદ્ધિઓ દૂર કરે છે એટલે તમે જ્યારે ગુરુને શરણે જાવ છો, સમર્પિત થાવ છો ત્યારે ગુરુ તમારું મન સ્વચ્છ કરશે. ગુરુનું દર્શન અને તેમની સેવા આત્મોદ્ધાર તરફનો ચોક્કસ માર્ગ છે.

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે તમામ સદગુરુ સહિત મારા ગુરુદેવના શ્રીચરણોમાં પ્રણામ. ઇદં ન મમ.

સાચા ગુરુ કુંભાર જેવા હોય છે જે પોતાના કુંભરૂપી શિષ્યને બહારથી ટપારતા રહી અંદરથી ટેકો આપી મજબૂત કરે છે, સદગુરુ પાસે હંમેશાં વિનમ્રતા રાખવી શરણાગત ભાવે જવું જેથી તેમની કૃપા થકી જ્ઞાન, મોક્ષ અને આત્મકલ્યાણનો માર્ગ સુગમ બને